सत्यमेव जयते

**દાખલ તારીખઃ–૩૦–૧૧–૨૧**

**ફેસલ તારીખઃ–૮–૬–૨૬**

**કુલ સમય ગાળોઃ–**

**...વર્ષ..... માસ....... દિવસ.**

**પોરબંદરના મે. એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**<u>ક્રિ.કે.નં.૧૦૮૭૧/૨૧.</u>**
**આંકઃ ૧૫૧**

**ફરીયાદીઃ–** **ગાત્રાળ કૃપા દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. (સુચિત) એ નામની મંડળીના અધિકૃત મંત્રી, વિક્રમભાઈ ભીમાભાઈ કેશવાલા, વેપાર, ઠે. પંચવટી હોટલ સામે, પોરબંદર વેરાવળ હાઈવે, આંત્રોલી,ક તા.જી. પોરબંદર.**

**વિરુધ્ધ.**

**આરોપીઃ–** **(૧) મે. મેસ્વા ડેરી એન્ડ ફુડ પ્રોડકટસ એ નામની ભાગીદારી પેઢી ઠે. પ્લોટ નં. ૩૯, શીલ ઈન્ડ. એસ્ટેટ, (જી.આઈ.ડી.સી.) મુ. શીલ, તા. માંગરોળ, જી. જુનાગઢ**

**(૨) મે. મેસ્વા ડેરી એન્ડ ફુડ પ્રોડકટસ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર કીરણભાઈ કારાભાઈ જોટવા, મુ. આરેણા, જી. જુનાગઢ.**

**(૩) મે. મેસ્વા ડેરી એન્ડ ફુડ પ્રોડકટસ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર ગોપાલભાઈ અરશીભાઈ બામરોટીયા, મુ. ઉંબા, વાડી વિસ્તાર, ગીર સોમનાથ.**

**(૪) મે. મેસ્વા ડેરી એન્ડ ફુડ પ્રોડકટસ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર ભીખુભાઈ મારખીભાઈ ચાવડા, મુ. શેઢાખાઈ, મોરઝર, જી. દેવભુમી ધ્વારકા.**

**ગુન્હો:– નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ક. ૧૩૮ મુજબ.**

**ફરીયાદપક્ષે વિ.વ.શ્રી પુરોહીત.**

**આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એસ.એચ. પરમાર.**

## –:: ચુકાદો ::–

**(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી તથા આરોપી વચ્ચે દુધના વ્યવહાર સબંધે આરોપીએ સને ૨૦૨૧ દરમ્યાન અલગ અલગ સમયે આશરે ૭૪૨૬ લીટર દુધની ખરીદી કરેલ, જે સબંધે હીસાબ કર્યા બાદ બાકીની રકમની ઉઘરાણી કરતા આરોપીએ પોતાના બેંક ખાતાનો ચેક રૂા.૪,૯૭,૦૦૦/– નો આપેલ. જે ચેક ફરીયાદીએ તેમના બેંકમા ભરતા ચેક "ડ્રોઅર સીગ્નેચર નોટ એસ પર મેન્ડેટ" ના શેરાથી પરત આવેલ, જેથી ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે નોટીસ આપેલ જે નોટીસ બજવા છતા આરોપીઓએ રકમ ચુકવેલ ન હોઈ ફરીયાદ કરેલ છે.**

**(૨) આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો. ની કલમ–૨૦૪ મુજબ પ્રોસેસ કાઢતા આરોપી કોર્ટમાં હાજર થતાં તેઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ મુજબ ફરીયાદ તથા દસ્તાવેજની નકલો પુરી પાડવામાં આવેલ, તેમજ ફરીયાદની હકીકત વાંચી સંભળાવી આરોપીની પ્લી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં તે સબબ તેઓનું નિવેદન લઈ ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે. જેમા ફરીયાદીએ સોગંદ પર પુરાવો આપી ફરીયાદની હકીકતો જણાવી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, જે રેકર્ડ પર હોઈ તેનો ઉલ્લેખ કરેલ નથી.**

**ત્યાર બાદ આરોપીનુ વિશેષ નિવેદન લેતા તેઓએ ફરીયાદીની ફરીયાદ તથા રજુ થયેલ હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમજ ખોટો કેસ કરેલાનુ જણાવેલ છે. તેમજ સોગંદ પર પુરાવો આપેલ નથી. ફરીયાદી તથા આરોપી તરફે લેખિત દલીલો રજુ થયેલ છે.**

**(૩) ફરીયાદ પક્ષના કેસની હકીકત અને રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા આ કામનો ન્યાયીક અંત આણવા સારુ મારા મંતવ્ય મુજબ નીચેના મુદ્દા ઉપસ્થીત થાય છે.**

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૧–૪–૨૧ થી તા.૩૦–૪–૨૧ દરમ્યાન આરોપીએ ફરીયાદી પાસેથી કુલ ૭૪૨૬ લીટર દુધ રૂા.૩,૫૩,૪૭૭/– નુ વેચાણ લીધેલ. ?

(૨) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરીયાદીને પોતાના કાયદેસરના લેણા પેટે વિવાદવાળો ચેક લખી આપેલ. ?

(૩) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત ચેક ફરીયાદીએ તેમના ખાતામા જમા કરાવતા "ડ્રોઅર સીગ્નેચર નોટ એસ પર મેન્ડેટ" ના શેરા સાથે પરત આવેલ છે ?

(૪) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત ચેક પરત ફરતા કાયદેસરની નોટીસ આપેલ, તેમ છતા આરોપીએ ચેકની રકમ ચુકવેલ ન હોઈ ફરીયાદીએ કાયદેસરની ફરીયાદ કરેલ છે ?

(૫) શુ આરોપીપક્ષ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ક. ૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનોનુ ખંડન કરવામા સફળ રહેલ છે ?

(૬) શું હુકમ ?

(૪) ફરીયાદીના વિ.વ.શ્રીએ આંક–૧૪૩ થી લેખિત દલીલોમા જણાવેલ છે કે, ફરીયાદીએ આંક–૨૮ થી ૩૭ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. તે જે રીતે આંક–૭૧ થી આંક–૧૨૩ સુધીના દુધના વ્યવહાર સબંધેના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જેથી ફરીયાદીનુ લેણુ પુરવાર થાય છે. ચેકના કાયદામાં અનુમાન અંગે ક. ૧૧૯ તથા ૧૧૮ ની જોગવાઈ કરેલ છે. જેથી અદાલતે ચેકના કેસોમા અનુમાન કરવાનુ રહે છે, જેનુ ખંડન આરોપીએ કરવાનુ રહે છે. જે આરોપી કરવામા સફળ રહેલ ન હોઈ આરોપીના ખાતાનો ચેક ફરીયાદી પાસે હોઈ ચેકમા સહી હોવા સબંધે ઈન્કાર ન હોઈ તેથી પણ આરોપીએ રકમ લઈને ચેક આપેલાનુ માની શકાય તેમ હોઈ તમામ હકીકતો ધ્યાને લઈ આરોપીને કડકમા કડક સજા કરવા અરજ કરેલ છે.

આરોપી તરફે આંક–૧૪૭ થી લેખિત દલીલો રજુ થયેલ છે, જેમા મુખ્યત્વે દુધ સબંધે ફરીયાદીના કથન મુજબ કોઈ વ્યવહાર થયેલ ન હોવાનુ તેમજ કોઈ ફરીયાદીએ દુધના બીલો તથા ખરીદીના આધાર રજુ કરેલ ન હોવાનુ તેમજ ફરીયાદીએ કોઈ પણ હીસાબો રજુ કરેલ નથી. ફરીયાદીએ જે લેટરપેડ ઉપરના દસ્તાવેજો રજુ કરેલ છે, તે હાલના આરોપી સાથે થયેલ વ્યવહારો સબંધેના નથી. કોઈ પણ દસ્તાવેજી પુરાવામા "ગાત્રાળ દુધ ઉત્પાદક સહકારી મંડળી" તે પ્રકારનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી, જેથી ફરીયાદી કાયદેસરનુ લેણુ જ પુરવાર કરવામા સફળ રહેલ ન હોઈ આરોપીને છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૫) ફરીયાદીએ પુરાવાનુ સોગંદનામુ રજુ કરી ફરીયાદની હકીકતો જણાવેલ છે, જેની આરોપી તરફે ઉલટતપાસમા જણાવેલ છે કે, મારે આંત્રોલી તથા માધવપુર મુકામે પણ પ્લાન્ટ આવેલ છે. અમે દુધ ચિલીંગ પ્લાન્ટમાં ચીલ કરીને પછી આપતા હતા. અમે પ્લાન્ટના હીસાબ રાખીએ છીએ. અમારે વાર્ષિક ઓડીટ પણ થતુ હોય છે. આંક–૨૯ ના ડેટામા ગાત્રાળ કૃપા દુધ ઉત્પાદક સહકારી મંડળીના સહી સિકકા નથી. આંક–૨૯ ની કોમ્પ્યુટર શીટ મારા નામની છે. એ વાત ખરી છે કે આંક–૨૯ ના કોમ્પ્યુટરાઈઝ શીટ સાથે ગાત્રાળ દુધ ઉત્પાદક સહકારી મંડળીને કોઈ લેવાદેવા નથી. તકરારી ચેકમા કોની સહી અને કોનો સિકકો આવે તે બાબતે માહિતગાર નથી. ચેક કયા કારણસર પરત થયેલ તે કારણની મને ખબર નથી. હુ તા.૨૬–૨–૨૧ થી તા.૮–૯–૨૧ ના સમયગાળાના ચીલીંગ પ્લાન્ટનો અને ફરીયાદી પેઢીના બી.એમ.સી. પોરબંદર તથા ગામમાંથી કરવામા આવતા દુધ કલેકશનનો ડેટા રજુ કરવા તૈયાર છુ.

જેથી ફરીયાદીને દસ્તાવેજો રજુ કરવા મુદૃત આપેલ. તેમજ ઉલટતપાસ મોકુફ રાખવામા આવેલ. ત્યાર બાદ ફરીયાદી તરફે આંક–૫૧ ના લીસ્ટ સાથે દસ્તાવેજો રજુ કરેલ છે, જે આંક–૭૧ થી ૧૨૩ સુધીના અસલ રજુ છે. જેમા દુધ ખરીદીના તથા વેચાણના સ્ટેટમેન્ટ, તથા બીલ બુક રજુ છે.

ત્યાર બાદ ફરીથી ઉલટતપાસ કરતા તેમા જણાવેલ છે, એ વાત ખરી છે કે દુધ ઉત્પાદક મંડળી હુ તથા મારા બીજા ભાગીદારો સંયુકત રીતે ચલાવીએ છીએ. એ વાત ખરી નથી કે દુધ આપવા માટે માત્ર છ લોકો જ રીટેઈલર તરીકે આવતા હોય છે. એ વાત ખરી છે કે છ થી વધુ ઈસમો આવતા હોવાનો પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મે જણાવ્યા મુજબનુ દુધ અમારી મંડળીમા આવતુ હોવાની હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે અમારી મંડળી દુધ સંગ્રહ કરી ત્યાર બાદ સંઘમા મોકલવામા આવતુ હોય છે. એ વાત ખરી નથી કે સંઘમા અમે દુધ મોકલેલાના પુરાવા રજુ કરેલ નથી. મે આજ રોજ રજુ કરેલ બીલો સિવાય સંઘમા દુધ મોકલેલાનો પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મેશ્વો ડેરીને દુધ આપતા હોવા સબંધે બીલો સિવાય બીજો કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મે રજુ કરેલ બીલોમા ગાત્રાળ કૃપા દુધ ઉત્પાદક સહકારી મંડળીનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે મારા બીલો વિક્રમભાઈ ભીમાભાઈના પ્રોપરાઈટર દરજજે આપેલ છે. એ વાત ખરી છે કે મે રજુ કરેલ આ બીલો ગાત્રાળ કૃપાના કહી શકાય નહી. એ વાત ખરી નથી કે અમારે ઉનાળામા વધારાનુ દુધ ખરીદ કરવાની ફરજ પડતી હતી. એ વાત ખરી નથી કે મે રજુ કરેલ સ્ટેટમેન્ટમાં આરોપીએ અમને પૈસા આપેલાનો ઉલ્લેખ નથી.એ વાત ખરી નથી કે મે રજુ કરેલ દસ્તાવેજોથી આરોપીને દુધ આપેલાનો તેમજ કાયદેસરના લેણા બાકીનો હોવાનો કોઈ ઉલ્લેખ નથી. એ વાત ખરી નથી કે અમો મેશવો ડેરીના પ્રોડકશનમાંથી સેલીંગ કરતા વધારાનુ કોઈ દુધ અમારી પાસે સંગ્રહ

થયેલ હોઈ તે ગાત્રાળ કૃપા સહકારી મંડળીને આપતા હતા જેનુ પેમેન્ટ અમોને બેંક મારફતે આપવા માટે અમોને કોરો ચેક આપેલ હતો તે ચેકમા અમારો કોઈ સહી કે સિકકો આવેલ ન હોઈ તેનો દુરપયોગ કરી ફરીયાદીએ અંગત ઉપયોગ કરી બેંકમા નાંખી ચેક પરત કરાવી ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે સોંગંદ પર ખોટી જુબાની આપુ છુ.

(૬) ફરીયાદી તરફે બેંક સાહેદ પરાગભાઈ ભાણજીભાઈને તપાસતા તેઓએ જણાવેલ છે કે, મને નામદાર કોર્ટથી સમન્સ મળતા હુ હાજર થયેલ છે. હુ એચ.ડી.એફ.સી. બેંક, માંગરોળ શાખામા બ્રાંચ મેનેજર તરીકે સપ્ટે. ૨૩ થી ફરજ બજાવુ છુ. આજ રોજ હુ મારી સાથે મેશ્વા ડેરી એન્ડ ફુડ પ્રોડકટનુ એકાઉન્ટ ઓપનીગ ફોર્મ તથા કે.વાય.સી. ના આધાર લઈને આવેલ છુ. જે આંક–૬૬ તથા ૬૭ થી રજુ કરેલ છે. તેમજ મેશ્વા ડેરી એન્ડ ફુડ પ્રોડકટનુ તા.૨૦–૧૧–૨૦ થી તા.૬–૧૦૨૫ સુધીના એકાઉન્ટ સ્ટેટમેન્ટ લઈને આવેલ છુ. જેમા મારી સહી તથા સિકકો છે, જે આંક–૬૮ થી રજુ કરેલ છે. તેમજ જણાવેલ છે કે, મને આંક–૩૦ વાળો ચેક બતાવતા તે અમારી બ્રાંચનો છે, જે ચેક મેશ્વા ડેરી એન્ડ ફુડ પ્રોડકટનો ગાત્રાળ કૃપા દુધ ઉત્પાદક ધ્વારા લખવામા આવેલ છે.

આરોપી તરફે બેંક સાહેદની ઉલટતપાસનો હકક બંધ કરવામા આવેલ. ત્યાર બાદ ઉલટતપાસનો હકક ખોલાવતા ઉલટતપાસ કરેલ છે. જેમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હુ બેંકમા ફરજ બજાવતો હોઈ ચેકની તમામ પ્રક્રિયાથી વાકેફ છુ. એ વાત ખરી છે કે આ ચેક અપુરતા ભંડોળના કારણે પરત થયેલ નથી. વિવાદવાળો ચેક તા.૮–૯–૨૧ નો છે. મને આંક–૩૦ વાળો રીટર્ન બતાવતા તે તા.૩૦–૯–૨૧ ના રોજનુ છે. જે સેન્ટ્રલ બેંકનો છે. હુ કહી શકુ નહી કે આર.ટી.જી.એસ. માટે કોઈ ચેક આપેલ હોય તેનો દુરપયોગ થઈ શકે કે કેમ.

ફરીયાદી તરફે આંક–૨૮ થી ૩૭ તથા આંક–૭૧ થી ૧૨૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. ત્યાર બાદ ફરીયાદી તરફે પુરાવો પુરો થયાની જાહેરાત કરેલ છે.

(૭) બંને પક્ષને સાંભળ્યાં. આ કામે દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામા આવે તો ફરીયાદી મંડળી ધ્વારા ફરીયાદ કરવા તથા કામગીરી ચલાવવા ફરીયાદીને અધિકાર આપેલ છે, જે ઠરાવ આંક–૨૮ થી રજુ થયેલ છે. આરોપી પેઢીના ખાતાનુ સ્ટેટમેન્ટ આંક–૨૯ થી તથા વિવાદવાળો ચેક આંક–૩૦ થી રજુ છે. ફરીયાદીને આરોપી તરફે ઉલટતપાસમા તેઓના લેણા સબંધેના સવાલો પુછતા ફરીયાદીએ દસ્તાવેજો રજુ કરવા સમય માંગેલ. જે મુજબ ફરીયાદીએ

બાદની તારીખોમાં આંક–૭૧ થી ૧૨૩ સુધીના અસલ જેમા દુધ ખરીદીના તથા વેચાણના સ્ટેટમેન્ટ, તથા બીલ બુક રજુ કરેલ છે.

આ કામે આરોપીનો મુખ્ય બચાવ તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવામા આવે તો પણ ફરીયાદીએ પોતાનુ કાયદેસરનુ લેણુ પ્રથમ પુરવાર કરવાનુ રહે છે. જે સબંધે દલીલો થયા બાદ પણ અદાલતે ફરીયાદીને તેઓ તથા આરોપી વચ્ચે થયેલ વ્યવહારો સબંધે કયા દસ્તાવેજો રજુ કરેલ છે, તે પુછતા ફરીયાદીએ ખુલાસો કરવા સમય માંગેલ, જે આપ્યા બાદ પણ ફરીયાદીના વિ.વ.શ્રીએ સ્વીકારેલ છે કે, તેમની ફરીયાદના પારા–૩ મુજબ તેઓએ આરોપીને જે દુધ આપેલ, તે સબંધે માત્ર આંક–૧૨૦ નો દસ્તાવેજ રજુ કરેલ છે. તે સિવાય અન્ય કોઈ પણ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. જે આંક–૧૨૦ ધ્યાને લેવામાં આવે તો પણ માત્ર ઝેરોક્ષ કોમ્પ્યુટરાઈઝ શીટનો કાગળ છે. જેમાં માત્ર મેશ્વા ડેરીનો ઉલ્લેખ કરેલ છે. હાલની ફરીયાદ "મેશ્વા ડેરી એન્ડ ફુડ પ્રોડકટસ" તથા તેમના ભાગીદારો સામે દાખલ કરેલ છે. ફરીયાદી તરફથી આરોપી નં.ર થી ૪ નાઓ મેશ્વા ડેરી એન્ડ ફુડ પ્રોડકટસના ભાગીદારો હોવા સબંધેનો પણ કોઈ જ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તે જ રીતે આંક–૧૨૦ ના દસ્તાવેજમા મેશ્વા ડેરી સિવાય અન્ય કોઈ પણ પ્રકારની હકીકતોનો ઉલ્લેખ કરેલ નથી. આંક–૧૨૦ ના દસતાવેજમા મેશ્વા ડેરીનુ કોઈ સરનામુ લખેલ નથી. કોઈ ભાગીદારોના નામનો ઉલ્લેખ નથી. તે જ રીતે આંક–૧૨૦ ની શીટ મુજબ જોવામા આવે તો રૂા.૩,૪૦,૦૬૫/– રકમ ચોખ્ખી ચુકવવાપાત્ર તરીકે દર્શાવેલ છે. જયારે ફરીયાદ પારા–૩ મુજબ જોવામા આવે તો બીલ રૂા.૩,૫૩,૪૭૭/– લખેલ છે. આવી કોઈ રકમ આંક–૧૨૦ ની શીટમાં ઉલ્લેખ કરેલ નથી. ફરીયાદ પારા–૩ મુજબ કોઈ બીલ રજુ થયેલ નથી. માત્ર આંક–૧૨૦ ની ઝેરોક્ષ કોમ્પ્યુટર શીટ રજુ કરેલ છે. જે સબંધે પુરાવા અધિનિયમ ક. ૬૫(બી) નુ કોઈ સર્ટીફીકેટ પણ ફરીયાદી તરફે રજુ કરેલ નથી. જેથી ફરીયાદી જયારે રૂા.૪,૯૭,૦૦૦/– ના ચેકની રકમ સબંધેનો કેસ અદાલત સમક્ષ લઈને આવેલ હોય ત્યારે કાયદેસરના લેણા સબંધેનો સ્પષ્ટ પુરાવો અદાલત સમક્ષ રજુ કરવાની ફરીયાદીની ફરજ બની જાય છે.

ફરીયાદીએ કેસના રેકર્ડમાં ઘણા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, પરંતુ તે તમામનો અભ્યાસ કરવામા આવે તો આંક–૭ર થી આંક–૧૧૯ સુધીના દસતાવેજો માત્ર આરોપી તથા ફરીયાદી વચ્ચે અગાઉ થયેલ દુધના વ્યવહારો સબંધેના દસ્તાવેજો છે. જે સબંધે ફરીયાદીના વિ.વ.શ્રીએ પણ કોઈ તકરાર લીધેલ નથી. માત્ર આંક–૭૧ થી ફરીયાદીનુ બેંક સ્ટેટમેન્ટ રજુ થયેલ છે, જેમા તા.ર૩–૩–ર૧ ના રોજ મેશ્વા ડેરી તરફથી રૂપિયા એક લાખ જમા કરાવેલાનો ઉલ્લેખ છે. જે સબંધે અદાલતે ફરીયાદીના વિ.વ.શ્રીને સવાલો પુછેલ છે કે, "આંક–૭ર થી ૧૧૯ મુજબના વ્યવહારો અંદાજીત લાખોની રકમ સબંધે છે, તેમ છતા આંક–૭૧ મા માત્ર એક લાખ જ રકમ જમા દર્શાવેલ છે. આ સિવાય બીજી કોઈ રકમ આરોપીએ જમા કરાવેલાનો પુરાવો રેકર્ડમા રજુ

કરેલ છે કે કેમ ? " તે સબંધે ફરીયાદીના વિ.વ.શ્રીએ સ્વીકારેલ છે કે, આંક–૭૧ મુજબ એક લાખ રકમ આરોપીએ જમા કરાવેલ છે, તે સિવાય બીજી કોઈ પણ રકમો જમા કરાવેલ હોય તેવો કોઈ જ પુરાવો રજુ કરેલ નથી. જે હકીકત લક્ષમાં લેતા પણ જો ફરીયાદીના કથનો તથા આંક–૭૨ થી ૧૧૯ મુજબના દસ્તાવેજોના વ્યવહારો માનવામાં આવે તો પણ ફરીયાદી તથા આરોપી વચ્ચે લાખો રૂપિયાના દુધ સબંધે વ્યવહારો થયેલ હોવા છતા ફરીયાદીના ખાતામાં આરોપી તરફથી માત્ર એક જ લાખ રકમ જમા કરાવેલાનો જ પુરાવો ફરીયાદી પાસે હોય તે હકીકત માની શકાય તેમ નથી. જેથી ફરીયાદી તથા આરોપી વચ્ચે લાંબા સમયથી દુધની ખરીદી વેચાણ થતુ હોવાના દસ્તાવેજો ફરીયાદીએ અદાલત સમક્ષ રજુ કરેલ છે, પરંતુ તે સબંધેની રકમો જમા થયેલ હોય તેવા કોઈ દસ્તાવેજો (માત્ર આંક–૭૧ મુજબ એક લાખની રકમ સિવાયના ) ફરીયાદીએ અદાલત સમક્ષ રજુ કરેલ નથી. જેથી પણ કાયદેસરના લેણાની રકમ પુરવાર કરવામા ફરીયાદી સફળ રહેતા નથી.

(૮) બીજી રીતે જોવામા આવે તો પણ ફરીયાદી તરફથી આંક–૧૨૧ થી આંક–૧૨૩ સુધીના દસ્તાવેજો જેમા ૩ બાઈન્ડીંગવાળી બુકો રજુ કરેલ છે, જે "ગાત્રાળ કૃપા ડેરી, ભુરાભાઈ ઓડેદરા, વિક્રમભાઈ કેશવાલા, ભુરાભાઈ કેશવાલા, મુ. માધવપુર, તા.જી. પોરબંદર" ના નામનો ઉલ્લેખવાળી છાપેલી બીલ બુકો રજુ કરેલ છે. જે સબંધે ફરીયાદીને પુછતા તેઓએ સ્પષ્ટતા કરેલ છે કે, " જે દુધ ફરીયાદી અન્ય ઈસમો પાસેથી ખરીદ કરે છે, તે સબંધેની છાપેલી બીલ બુક છે." જેથી પણ જયારે ફરીયાદી અન્ય ઈસમો પાસેથી છુટક દુધની ખરીદી કરતા હોય ત્યારે તેવા ઈસમો સાથેના વ્યવહારમા છાપેલા બીલ બુકનો ઉપયોગ કરતા હોય, તેવા સંજોગોમા આરોપી કે જે દુધની પેઢી છે, તેમની સાથે દુધનો વ્યવહાર કરતા સમયે કોઈ પણ પ્રકારના છાપેલા બીલ બુક કે અન્ય કોઈ માની શકાય તેવો લેખિતનો આધાર રાખે નહી તે હકીકત પણ શંકાસ્પદ બની જાય છે. ફરીયાદી તરફથી આરોપી સાથે થયેલ દુધના વ્યવહાર સબંધેના કોઈ ચોપડા કે બીલ બુક પણ રજુ કરેલ નથી. માત્ર આંક–૧૨૦ ની કોમ્પ્યુટર શીટ ઉપર ફરીયાદીએ હાલનો રૂા.૪,૯૭,૦૦૦/– નો ચેકનો કેસ કરેલ છે, જેથી પણ ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ શંકાસ્પદ બને છે.

વધુમા જોવામા આવે તો પણ આંક–૧૨૧ થી આંક–૧૨૩ સુધીના દસ્તાવેજોમા "ગાત્રાળ કૃપા ડેરી, ભુરાભાઈ ઓડેદરા, વિક્રમભાઈ કેશવાલા, ભુરાભાઈ કેશવાલા, મુ. માધવપુર, તા.જી. પોરબંદર" લખેલ છે. જયારે હાલની ફરીયાદમા ફરીયાદીનુ સરનામુ જોવામા આવે તો પણ "ગાત્રાળ કૃપા દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. (સુચિત) એ નામની મંડળીના અધિકૃત મંત્રી, વિક્રમભાઈ ભીમાભાઈ કેશવાલા, વેપાર, ઠે. પંચવટી હોટલ સામે, પોરબંદર વેરાવળ હાઈવે, આંત્રોલી, તા.જી. પોરબંદર. લખેલ છે. જે સબંધે ફરીયાદીના વિ.વ.શ્રીને આ બંને સરનામા અલગ અલગ હોવા સબંધે સ્પષ્ટતા કરવાનુ જણાવતા તેઓ તરફથી કોઈ પણ

સ્પષ્ટતા કરી શકેલ નથી. જેથી જયારે દુધ ઉત્પાદક સહકારી મંડળીનુ સરનામુ ફરીયાદ મુજબ પોરબંદર વેરાવળ હાઈવે, આંત્રોલી દર્શાવેલ હોઈ જયારે રજુ થયેલ દસ્તાવેજી પુરાવામા મુકામ માધવપુર લખેલ હોઈ તેનો પણ કોઈ જ ખુલાસો સન હોઈ બંને સરનામા અલગ અલગ હોઈ આરોપીને લાભ મળવાપાત્ર જણાય છે.

આ કામે આંક–૨૮ થી રજુ થયેલ ઠરાવ ધ્યાને લેવામા આવે તો પણ તે માત્ર લખેલ કાગળ છે, જેમા રબ્બર સ્ટેમ્પ લગાવી ભુરાભાઈ કેશવાલા, પ્રમુખ મંત્રી, શ્રી સુ. ગાત્રાળ કૃપા દુધ ઉ.સ.મં.લી. મુ. આંત્રોલી તેમ ઉલ્લેખ કરેલ છે. ફરીયાદીના વિ.વ.શ્રીને કાયદેસરના લેણા સબંધે તથા તેઓએ આરોપીને દુધ વેચાણ કરેલ હોવા સબંધે કયા દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખો છો ? તેમ પુછતા તેઓએ આંક–૨૯ ( આંક–૧૨૦) તથા તેની સાથે રજુ કરેલ કાગળ ઉપર આધાર રાખતા હોવાનુ જાહેર કરેલ છે. જે સબંધે આંક–૨૯ સાથે રજુ કરેલ કાગળ ધ્યાને લેતા તે ઝેરોક્ષ કાગળમા અલગ અલગ તારીખો, તથા રકમ દર્શાવેલ છે. જે કાગળના ઉપરના ભાગે મેશ્વા ડેરી એન્ડ ફુડ પ્રોકટસ લખેલ છે. જે કાગળમા કોઈ સહી, સિકકો કે સ્ટેમ્પ પણ લગાવેલ નથી. જે કાગળમા તા.૨૬–૨–૨૧ થી તા.૩–૫–૨૧ સુધીના અલગ અલગ તારીખો લખી હીસાબમાં છેલ્લે રૂા.૪,૯૭,૦૦૦/– લખેલ છે. જે કાગળમા આંક–૨૯ ( આંક–૧૨૦) માં જે તારીખોનો ઉલ્લેખ છે, તેવી કોઈ જ તારીખો લખેલ નથી. જેથી આંક–૨૯(આંક–૧૨૦) મા જણાવેલ તારીખ ૨૨–૪–૨૧, ૨૪–૪–૨૧, ૨૬–૪–૨૧, ૨૮–૪–૨૧ તથા ૩૦–૪–૨૧ નો ઉલ્લેખ કરેલ છે, તેવી તારીખો તથા વ્યવહારનો કોઈ જ ઉલ્લેખ આંક–૨૯ સાથે રજુ કરેલ હીસાબમા કોઈ જ ઉલ્લેખ કરેલ નથી, જે હકીકત પણ શંકાસ્પદ બને છે, તેમજ આ હકીકતનો પણ કોઈ જ ખુલાસો ફરીયાદપક્ષ તરફથી કરવામા આવેલ નથી, જેનો પણ લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે.

(૯) આ કામે ફરીયાદીએ ઉલટતપાસમા સ્વીકારેલ છે કે, "આંક–૨૯ ના ડેટામા ગાત્રાળ કૃપા દુધ ઉત્પાદક સહકારી મંડળીના સહી સિકકા નથી. આંક–૨૯ ની કોમ્પ્યુટર શીટ મારા નામની છે. એ વાત ખરી છે કે આંક–૨૯ ના કોમ્પ્યુટરાઈઝ શીટ સાથે ગાત્રાળ દુધ ઉત્પાદક સહકારી મંડળીને કોઈ લેવાદેવા નથી.... મે આજ રોજ રજુ કરેલ બીલો સિવાય સંઘમા દુધ મોકલેલાનો પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મેશ્વો ડેરીને દુધ આપતા હોવા સબંધે બીલો સિવાય બીજો કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મે રજુ કરેલ બીલોમા ગાત્રાળ કૃપા દુધ ઉત્પાદક સહકારી મંડળીનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે મારા બીલો વિક્રમભાઈ ભીમાભાઈના પ્રોપરાઈટર દરજજે આપેલ છે. એ વાત ખરી છે કે મે રજુ કરેલ આ બીલો ગાત્રાળ કૃપાના કહી શકાય નહી."

જેથી ફરીયાદીની ઉલટતપાસમા આ હકીકતો ચેલેન્જ થયેલ હોવા છતા કાયદેસરના લેણાનો પુરાવો ત્યાર બાદ પણ ફરીયાદીએ રેકર્ડ પર રજુ કરેલ નથી. આ કામે વિવાદવાળો ચેક અપુરતા ભંડોળના કારણે પરત થયેલ નથી. પરંતુ "ડ્રોઅર સીગ્નેચર નોટ એસ પર મેન્ડેટ" ના શેરા સાથે પરત થયેલ છે. આમ, સમગ્ર હકીકતે ફરીયાદી તરફથી મોટી સંખ્યામાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, પરંતુ આ કેસ સબંધે તથા કાયદેસરના લેણા સબંધેના દસ્તાવેજો રજુ કરેલ ન હોઈ આંક–૨૯ (આંક–૧૨૦) તથા તેની સાથે રજુ કરેલ હીસાબના કાગળ ઉપરથી રૂા.૪,૯૭,૦૦૦/– જેટલી રકમનુ કાયદેસરનુ લેણુ હોવાનુ માની શકાય તેમ ન હોઈ ફરીયાદવાળુ સરનામુ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઉપર દર્શાવેલ સરનામા અલગ અલગ હોઈ ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન મોટા ભાગની હકીકતો સબંધે તેમને ચેલેન્જ કરવા છતા કાયદેસરના લેણા સબંધે કોઈ જ માની શકાય તેવો પુરાવો રેકર્ડ પર ફરીયાદી તરફથી રજુ થયેલ ન હોઈ આરોપીઓ લાભ મેળવવા હકદાર જણાય છે.

(૧૦) આ કામે ઉપર ચર્ચા કરેલ છે તે મુજબ ચેકના કેસોમા ફરીયાદીએ પ્રથમ પોતાનુ કાયદેસરનુ લેણુ પુરવાર કરવાની આવશ્યકતા રહેલ છે. જે સબંધે નામદાર કર્ણાટક હાઈકોર્ટનો ચુકાદો **(2006) 4 AICLR 778 ( Before : K. Sreedhar Rao, J ) V. RAMA SHETTY — Appellant Vs. N. SASIDARAN NAYAR — Respondent Criminal Appeal No. 640 of 2001 Decided on : 08-06-2006** ધ્યાને લેતા તેમા આવા જ કેસ સબંધે ઠરાવેલ છે કે, **The complainant states that the amount under Ex.D1 is received and adjusted towards the loan of Rs. 25,000/- granted. The said explanation appears to be unconvincing. If the loan of Rs. 25,000/- was not repaid, the possibility of granting another loan of Rs. 1,53,600/- cannot be believed. It is pertinent to note that Ex.D1 is paid after the cheques Exs. P1 and P2 were dishonoured in the first instance. Even for a moment assuming that there is a recoverable debt or legal liability under Ex.P2, the entire cheque amount cannot be considered as due in view of admission of receipt of Rs. 9,350/- under Ex.D1. in view of the oral and documentary evidence and the discrepant circumstances placed by the accused, the trial court has rightly held that the accused has sufficiently rebutted the presumption and has successfully shown that there exists no debt or legal liability under the cheques in question. In that view, the order of acquittal is sound and proper. The appeal is accordingly dismissed.**

(૧૧) આ કામે કાયદાકીય હકીકતો સબંધે જોવામા આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ૨૦૦૨(૨) ડી.સી.આર. દિલીપભાઈ ચીમનભાઈ પટેલ વિ. હાજી સબીરભાઈ

અસમભાઈનો રજુ કરેલ છે, જેમા ઠરાવેલ છે કે, કાયદેસરનુ લેણુ હોવાની હકીકત પ્રથમ ફરીયાદીએ સાબિત કરવી પડે, ત્યાર બાદ જ અદાલત નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ક. ૧૧૮ તથા ૧૩૯ ના અનુમાન કરવા બંધાયેલ છે. તેમજ જો ફરીયાદી પોતાની પ્રાથમિક જરૂરીયાત પુરવાર કરવામા નિષ્ફળ રહે, તો આરોપીએ ખંડનાત્મક પુરાવો આપવાની પણ જરૂરીયાત રહેતી નથી. સદર ચુકાદાની હકીકતો હાલના કામે લાગુ પડતી હોઈ નીચે મુજબ જરૂરી ચુકાદાના અંશો મુકવામા આવેલ છે. જેમા નામદાર ગુજરાત હાઈકોર્ટે પારા–૧૦ માં ઠરાવેલ છે કે, **The complainant has not produced any documentary evidence to show that he had monteray transaction with the accused and he advanced amount of Rs. 10 lakh to the accused. The complainant is an income-tax payer. The complainant has not produced books of account or income tax return to show that he had paid the amount to the accused. The complainant even did not produce any documentary evidence to show that the accused borrowed amount from his father. According to the complainant, on settlement of account, the accused gave the cheque against amount payable by the accused but no documentary evidence of settlement of account is produced. Therefore, the complainant failed to prove existence of legally recoverable debt.**

આ જ ચુકાદામા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક.૧૩૯ ના અનુમાન સબંધે આરોપી ખંડન કરી શકે છે. અને જો આરોપી સંભવતઃ બચાવ રજુ કરવામા સફળ રહે તો આરોપીને લાભ મળવાપાત્ર થાય. જેમા પારા–૧૧ મા ઠરાવેલ છે કે, **Under Section 139 of the Act, presumption is in favour of the holder of cheque that the cheque was issued for discharge in whole or in part of any debt or other liability unless contrary is proved. Therefore, presumption is rebuttable presumption. It is settled proposition that standard of proof to rebut the presumption is that of preponderance of probabilities. To disprove the presumption the accused has to bring on record such facts and circumstances upon consideration of which the Court may either believe that the consideration did not**

**exist or its non-existence was so probable that a prudent man would under the circumstances of the case act upon belief that it did not exist. The accused is required to bring on record something which is probable for getting the benefit of shifting the onus of proving to the complainant. If the accused is able to raise probable defence which creates doubts about existence of legally recoverable debt, prosecution can fail. It is also settled proposition that in order to raise probable defence the accused is not required to enter into witness box or lead evidence, it can rely on the evidence produced by the complainant. . . . . The accused was able to raise probable defence that the cheque in question was not given towards discharge of debt. Therefore, the burden shifted on the complainant to prove that the cheque was given towards legally recoverable debt or liability. The complainant did not produce any documentary evidence to show that there was existence of legally recoverable debt and the accused gave cheque towards discharge of such debt. Therefore, in my view, the complainant failed to prove that there was existence of legally recoverable debt and the cheque in question was given towards discharge of such debt or liability.**

(૧૨) આ તબકકે અન્ય ચુકાદાની નોંધ કરવી આવશ્યક જણાય છે, જેમા આરોપી સામે રૂા.૨,૫૦,૦૦૦/– નુ લેણુ પુરવાર કરવામા ફરીયાદી સફળ રહેલ ન હોઈ નીચેની અદાલતે નિર્દોષમુકિતનો હુકમ કરેલ, જે હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ચેલેન્જ થયેલ, જેમા **R/CRIMINAL MISC.APPLICATION NO. 2381 of 2023 In R/CRIMINAL APPEAL NO. 256 of 2023 With R/CRIMINAL APPEAL NO. 256 of 2023 PROPRIETOR OF SURAJ ROAD CARRIER - SANTOSH KESHORAM PANDE Versus PROPRIETOR OF HIRAL CARGO AGENCY - REKHABEN NARESH PATEL** ના કામે ન્યાયમુર્તિ શ્રી નીશા એમ. ઠાકોર ધ્વારા તા.૫–૪–૨૩ ના ચુકાદાથી નીચેની અદાલતનો હુકમ કાયમી રાખતા ઠરાવેલ છે કે,**Thus, the accused may rely upon circumstantial evidence and if the circumstances so relied upon are**

**compelling, which leads to believe that the consideration and debt did not exist or that non existence was so probable that a prudent man would under circumstance of the case, act upon the plea that they did not exist, then the burden may shift again on complainant to prove his case beyond reasonable doubt.**

**14. For the foregoing reasons, in my opinion, even applying the initial presumption under Section 139 of the Act, the close scrutiny of the cross examination of the complainant, the circumstance which has transpired, has raised serious doubt on the story put forward by the complainant, which has rebutted the presumption drawn in favour of complainant.**

**15. In such circumstances, the learned Magistrate has rightly shifted burden upon the complainant to prove his case beyond reasonable debt. In absence of any cogent material, more particularly, corroborating the land transaction as alleged by the complainant, the very essential ingredients of legally enforceable debt is not proved. Therefore, present application for leave to appeal fails and stands *dismissed*. Consequently, criminal appeal also stands *dismissed*.**

**જેથી આ કામે પણ ફરીયાદીના કાયદેસરના લેણા સબંધેનો સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર ન હોઈ આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર જણાય છે.**

**(૧૩) કાયદેસરના લેણા નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો Indus Airways (P) Ltd. V. Magnum Aviation (P) Ltd.**, (2014) 12 SCC 539 **ધ્યાને લેતા તેમા ચેક આપ્યા તારીખે લેણુ હોય તો જ ગુનો બને તે સબંધે ઠરાવેલ છે કે,** with reference to the explanation to Section 138 of the Act and the expression "for discharge of any debt or liability" occurring in Section 138 of the Act. We are of the view that the question whether a post-dated cheque is for "discharge of debt or liability" depends on the nature of transaction. <u>If on the date of the cheque, liability or debt exists or the amount has become legally recoverable, the section is attracted and not otherwise.</u>

**(૧૪) જે સબંધે તાજેતરમા કાયદેસરના લેણા સબંધે નામદાર આંધ્રપ્રદેશ હાઈકોર્ટ ધ્વારા (2023) CriLJ 1541 ( Before : K. Sreenivasa Reddy , J. ) M. KALPANA Vs. BALAJI FINANCE Criminal Petition No. 3667 of 2019 Decided on : 20-01-2023 ના કામે ઠરાવેલ છે કે, The Explanation appended to Section 138 of the Negotiable Instruments Act, 1881 gives the meaning of the expression 'debt or other liability' for the purpose of Section 138. This expression means a legally enforceable debt or other liability. Section 138 treats dishonoured cheque as an offence, if the cheque has been issued in discharge of any debt or other liability. The Explanation leaves no manner of doubt, that to attract an offence under Section 138, there should be a legally enforceable debt or other liability subsisting on the date of the drawal of the cheque. In other words, drawal of the cheque in discharge of an existing or past debt or liability is sine qua non for bringing an offence under Section 138 of the N.I. Act. If a cheque is issued as an advance payment for purchase of the goods and for any reason purchase order is not carried to its logical conclusion either because of its cancellation or otherwise, and material or goods for which purchase order was placed is not supplied, the cheque cannot be held to have been drawn for an existing debt or liability. The payment by cheque in the nature of advance payment indicates that at the time of drawal of cheque, there was no existing liability.**

**(૧૫) નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો પી.વેણુગોપાલ વિ. મદન પી. સારથી (૨૦૦૯)૧ સુ.કો.કેસીસ ૪૯૨ તથા એ.વી. મુર્તિ વિ. બી.એસ. નાગબસ્વાના એ.આઈ.આર. ૨૦૦૨ સુ.કો. ૯૮૫ ના ધ્યાને લેતા તેમા પણ કાયદેસરનુ લેણુ પુરવાર કરવાની ફરજ પ્રથમ ફરીયાદીની હોવાનુ અને ત્યાર બાદ કાયદાકીય અનુમાનો અદાલત કરી શકે તેની ચર્ચા કરેલ છે. આ તબકકે એક હકીકતની નોંધ કરવી આવશ્યક છે કે, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) તથા ૧૩૯ તળેના અનુમાનો ચેકના ધારણકર્તાની તરફેણમાં ચોકકસપણે કરી શકાય તેમ છે. જે સબંધે આરોપી તરફે નામદાર સુપ્રીમકોર્ટના હીતેન પી.દલાલ વિરુધ્ધ બતીન્દ્રનાથનો ૨૦૦૧ ક્રી.લો.જ.૪૬૪૭ નો તથા ૨૦૦૧ એ.આઈ.આર. (સુ.કો.) ૨૮૯૫ કે.એન. બીના વિ. મુનીયપ્પનનો ચુકાદો રજુ થયેલ છે, જે ચુકાદાનો સાર એવો છે કે, ઉપરોકત બન્ને કલમો હેઠળ ઉત્પન્ન થયેલ અનુમાન ખંડીત કરવાનો બોજો આરોપી પર છે, અને તે સચોટ પુરાવાથી વહન કરવો જોઈએ, માત્ર ખુલાસો ન ચાલે. એ ખરુ છે કે અનુમાન ખંડીત કરવા માટે હંમેશા આરોપીએ બચાવમાં પુરાવો જ આપવો તેવુ ગણી શકાય નહી, પરંતુ જો ફરીયાદીના**

પુરાવામાંથી પણ જો અનુમાન ખંડીત થતા સંજોગો મળી આવે તો તે પણ ધ્યાને લઈ શકાય. આમ સમગ્ર હકીકતે ફરીયાદવાળા બનાવ સબંધેનુ આરોપીનુ કાયદેસરનુ લેણુ દેવુ પુરવાર કરવામા ફરીયાદી સફળ રહેલ ન હોઈ લોન અપાવવાનુ કૃત્યને ફોજદારી ગુનાહીત માનસ તરીકે ગણી શકાય, તેમજ તે સબંધે ફરીયાદીને આરોપી સામે કાર્યવાહી કરવાનો ઉપાય મળી રહે. પરંતુ ચેકના કેસમા ચેક આપવામા આવેલ હોય તે સબંધે આરોપી પાસે કાયદેસર દેવુ હોવાનુ ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે, તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર પુરવાર થતી ન હોઈ ફરીયાદીની ફરીયાદ સબંધે શંકાના વાદળો ઘેરાતા હોઈ સમગ્ર હકીકતે ફરીયાદી આ ચેક સબંધે કાયદેસરનુ લેણુ પુરવાર કરવામા સફળ રહેલ ન હોઈ આ કેસ શંકાના વાદળોથી ઘેરાયેલો જણાતો હોઈ જયારે બે વ્યુ હોય ત્યારે આરોપી તરફેનો વ્યુ લેવો જોઈએ તેવા ચુકાદાઓના આધારે હાલના કામે અદાલત સમક્ષ બે વ્યુ નહી હોવા છતા તેમજ સ્પષ્ટ ચિત્ર આવેલ હોઈ આરોપીને લાભ આપવાનુ વ્યવહારુ જણાતુ હોઈ ફરીયાદીના વિ.વ.શ્રીના વિ.વ.શ્રીની દલીલો ધ્યાને લેવાપાત્ર જણાતી નથી.

(૧૬) ફરીયાદીના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, એક વખત ચેકમા સહી હોવાનુ પુરવાર થાય ત્યાર બાદ આરોપીની વિરૂધ્ધમા તથા ફરીયાદીની તરફેણમા કાયદાથી આપવામા આવેલ અનુમાનો ઉપસ્થિત થઈ જાય. જે સબંધે અદાલત સંમત છે. પરંતુ ફરીયાદીએ પોતાનુ કાયદેસરનુ લેણુ હોવાનુ પુરવાર કરવાની પ્રથમ ફરજ બને છે. જે સબંધે આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો (2023) ACD 161 **GUJARAT HIGH COURT** SINGLE BENCH ( Before : Ashok Kumar C. Joshi, J. ) KALUBHAI RANIMGBHAI VANK — Appellant Vs. STATE OF GUJARAT AND OTHERS — Respondent R/Criminal Appeal No. 529 of 2012 Decided on : 19-10-2022 ધ્યાને લેતા આ ચુકાદામા પણ અન્ય ચુકાદો રીફર કરતા ઠરાવેલ છે કે, **P. Venugopal v. Madan P. Sarathi, MANU/SC/8264/2008 it is held by the Apex Court that, "Initial burden is on complainant to prove grant of loan. The presumption raised in favour of holder of cheque must be confined to matters covered thereby and does not extend to extent that cheque was issued for discharge of debt or liability which is required to be proved by complainant." In the case on hand, the complainant has failed to discharge the initial burden.**

(૧૭) જે ચુકાદો આરોપીને મદદરૂપ થાય છે. તાજેતરમા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રીમીનલ અપીલ નં.૧૮૯૩/૨૩ કાથડભાઈ લક્ષ્મણભાઈ સોરઠીયા વિ. સ્ટેટના કામે નામદાર ન્યાયમુર્તિ શ્રી એમ.કે. ઠકકર ધ્વારા ફરીયાદીની આર્થિક સધ્ધરતા સબંધે ચર્ચા કરતા નીચે મુજબ ઠરાવેલ છે.

**On pleading the probable defence as per the law again the burden is shifted on the complainant toprove the debt, which is legally enforceable and accused is liable to repay the same. Thereafter, it is for thecomplainant to prove his financial capacity by leading the evidence as the financial capacity waschallenged during the cross examination by the present respondent No.2. It is admitted in the crossexamination that he is having the income of Rs.15 Lakh, but he is not having any contemporaneousdocument to support the same. Neither any revenue record was produced to show that he is having 60vighas of land nor any income tax return was produced to show that he is financially capable to lend Rs.25Lakh in cash to the complainant. The Bank statement of Central Bank of India, which is produced by thecomplainant during 2020 to 2022 which shows Bank balance of Central Bank of India Rs.1079/-. It is alsosuffice to show that the complainant was not having the capacity to lend the cash amount of Rs.25 Lakhto the respondent No.2. Though the complainant had admitted in his cross examination that he is havingsix Bank accounts, but he did not produce any passbook or documentary evidence to prove that he was having such a huge balance in any of the accounts. Therefore, learned trial Court had rightly accepted the probable defence which was raised by the respondent No.2 and passed judgment and order of acquittal.**

આમ ફરીયાદી પોતાનુ કાયદેસરનુ લેણુ પુરવાર કરવામા સફળ રહેલ ન હોઈ આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર જણાતા હોઈ સમગ્ર હકીકતે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોઈ મુદ્દા નં. ૧ તથા ૨ સબંધે કાયદેસરનુ લેણુ પુરવાર થતુ ન હોઈ ફરીયાદ મુજબ દુધનુ વેચાણ પુરવાર થયેલ ન હોઈ તેનો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૩ તથા ૪ સબંધે ચેક પરત થયેલાનુ તથા નોટીસ આપેલાનુ રેકર્ડ પર આવેલ હોઈ તેનો જવાબ હકારમા આપવામા આવે છે. તેમજ આરોપી પોતાનો બચાવ પુરવાર કરવામા સફળ રહેલ હોઈ મુદ્દા નં. ૫ નો જવાબ હકારમાં આપી નીચે મુજબ આખરી હુકમ કરું છું.

## –:: આખરી હુકમ ::–

૧. બી.એન.એસ.એસ. ક. ૨૭૮(૧) જુની ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૫(૧) હેઠળ આરોપીઓ (૧) મે. મેસ્વા ડેરી એન્ડ ફુડ પ્રોડકટસ એ નામની ભાગીદારી પેઢી ઠે. પ્લોટ નં. ૩૯,

**શીલ ઈન્ડ. એસ્ટેટ, (જી.આઈ.ડી.સી.) મુ. શીલ, તા. માંગરોળ, જી. જુનાગઢ, (૨) મે. મેસ્વા ડેરી એન્ડ ફુડ પ્રોડકટસ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર કીરણભાઈ કારાભાઈ જોટવા, મુ. આરેણા, જી. જુનાગઢ., (૩) મે. મેસ્વા ડેરી એન્ડ ફુડ પ્રોડકટસ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર ગોપાલભાઈ અરશીભાઈ બામરોટીયા, મુ. ઉંબા, વાડી વિસ્તાર, ગીર સોમનાથ., (૪) મે. મેસ્વા ડેરી એન્ડ ફુડ પ્રોડકટસ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર ભીખુભાઈ મારખીભાઈ ચાવડા, મુ. શેઢાખાઈ, મોરઝર, જી. દેવભુમી ધ્વારકાવાળાને નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ નાં શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.**

**૨. આરોપીઓના જામીનખત તથા જામીન રદ કરવા હુકમ કરવામા આવે છે. આરોપીઓએ સુધારેલ ક્રિ.પ્રો. કોડની કલમ–૪૩૭ મુજબ નામદાર અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટેના જામીન રૂા.૧૫,૦૦૦/– પંદર હજારના રજુ કરવા હુકમ કરવામા આવે છે.**

**આજતારીખ :– ૮ જુન સને ૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

| | | |
|---|---|---|
| | | **( બી. જે. પટેલ )** |
| | | **એડીશ્નલ ચીફ જયુડી. મેજી., પોરબંદર.** |
| | | **કોડ નંબર જી.જે. ૦૦૯૭૭** |

**SELF TYPE**